**જાહેર આરોગ્ય વિભાગ**
**પ્રેસનોટ**

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૦૧/૦૬/૨૦૧૫ થી તા.૦૭/૦૬/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૦,૯૧૦/–, વેસ્ટઝોન – રૂા.૯,૧૩૦/–, સાઉથઝોન – રૂા.૫,૫૪૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૩૧,૮૫૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૭,૮૨૦/–, નોર્થઝોન – રૂા.૪,૯૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૨૬,૨૪૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૯૬,૪૪૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

: પ્રેસનોટ :

## વ્યવસાયવેરાના બાકી માંગણા બાબતે

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં અલગ અલગ વિસ્તારોમાં ઘણાં લાંબા સમયથી વ્યવસાયવેરો ભરપાઈ કરતાં ન હોવાથી તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી વ્યવસાયવેરાનાં નાણાં નિયત સમયમાં ન ભરાતાં આસી. મ્યુ. કમિશ્નરશ્રી (વરાછાઝોન) નાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં વ્યવસાયવેરા વિભાગ ધ્વારા કરંજ વિસ્તારમાં આવેલ ભરતનગર તથા ઘનશ્યામનગર વિસ્તારમાં સામુહિક ઝુંબેશ હાથ ધરી સદર સ્થળ પર જ નાણાંની વસૂલાત કરવામાં આવેલ. જે કામગીરી દરમ્યાન આજ તા.૦૯.૦૬.૨૦૧૫ નાં રોજ પૂર્વઝોન (વરાછા) નાં વ્યવસાયવેરાની વસૂલાત રૂા. ૧૪ લાખથી વધુની થયેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ વ્યવસાયવેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી આપનો બાકી નીકળતો તમામ વેરો સમયસર ભરપાઈ કરવા વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ (વરાછા) ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા તા.૧૦/૦૬/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ સઘન આરોગ્યલક્ષી કામગીરીની વિગત નીચે મુજબ છે.

- જાહેરમાં કચરો નાંખી ન્યુસન્સ કરતાં ૩૦ ઈસમોને નોટીસ આપવામાં આવી, ૧૨ ઈસમો સામે મ્યુનિસીપલ કોર્ટમાં ફરીયાદ કરવામાં આવેલ છે તથા ૩૨ ઈસમો પાસેથી ૪,૮૦૦/–રૂા. વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવી છે.
- પૂર્વી સોસાયટી રોડ,ડાયમંડ પાર્ક રોડ,કમલ પાર્ક રોડ,ગંગેશ્વર સોસાયટી રોડ,રચના સર્કલ,બોમ્બે માર્કેટ રોડ, આઈ માતા રોડ ,લજામણી ચોક વિસ્તારમાં ગ્રુપ સફાઈ અભિયાન કરી કુલ ૧,૪૭૦ કિ.ગ્રા. જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.
- જાહેર જનતા તરફથી મળેલ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનને લાગત, મરેલા જાનવર ઉપાડવા બાબત તથા ડ્રેનેજ ઓવરફલોની વિગેરેની ૪૨ ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.
- સુરત મહાનગરપાલિકા હસ્તકની મિલકત પર લગાવવામાં આવેલ ૧૨૮ બેનર/પોસ્ટર ઉતારવાની કામગીરી કરાવેલ છે.
- વેકટર બોર્ન ડીસીઝ કન્ટ્રોલ વિભાગ દ્વારા " મેલેરીયા માસ વિરોધી " અંતર્ગત માર્કેટ વિસ્તાર અને સોસાયટી વિસ્તારોના ૧૮ સ્થળોએ ૩૧૨૫ વ્યકિતઓને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. તેમજ મેલેરીયા અને ડેગ્યુથી બચવાના ઉપાય દર્શાવતા ૧૨૫૦ પ્રચાર પત્રિકાનુ વિતરણ કરવામા આવેલ છે.વધુમાં આજ રોજ ૧૬૦૪૬ ઘરોનુ ઈન્ટ્રા ડોમેસ્ટિક સર્વે કરી ૨૪૩૦૫ જેટલા સ્પોટની તપાસ કરી જેમાંથી ૪૬ બ્રીડીંગ સ્પોટનો નાશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૪૫૬૯ જેટલા સ્થળોએ અબેટ ટ્રીટમેન્ટ આપવામાં આવેલ છે. તેમજ ઉપરોકત કામગીરી દરમ્યાન ૨૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. વધુમાં મચ્છર ઉત્પત્તિ સ્થાન જણાયેલ હોય એવા સ્થળોએ ૬ ઈસમો પાસેથી રૂા.૩૩૦૦/– વહીવટી પરચૂરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. મચ્છર ઉત્પત્તિ થઈ શકે તેવા ટાયર ડ્રમ,કેરબા,માટલા વિગેરે ૧૦૫ સાધનો જપ્ત કરવામાં અવેલ છે.વધુમાં સર્વે દરમ્યાન ૯૩૦ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૯/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૪૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૬૭૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૦૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૧ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨,૨૫,૨૮૩/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૦ એન્ટ્રીમાં રૂા.૬૧,૧૫૦/– અને આર.સી.ની ૩૫ એન્ટ્રીમાં રૂા.૩,૪૨,૯૮૫/– મળી કુલ રૂા.૪,૦૪,૧૩૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૬૦/–, રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૬૬૦/– અને દંડની રકમની ૦૯ એન્ટ્રીમાં રૂા.૨૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૫ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૨ ફાઈલોના રૂા.૨,૯૫,૯૬૯/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભઘક આવાસ વસુલાત રૂા.૬૩,૬૫૦/–, મિલ્કત ભાડાના રૂા.૩૯,૭૭૧/–, મંડપ ચાર્જના રૂા.૮૫૫/–, દબાણ ચાર્જના રૂા.૭,૧૮૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૫૫૦/–મળી કુલ રૂા.૧,૧૩,૦૦૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

તા.૧૦.૦૬.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૧ ફાઈલના રૂા.૯.૩૮ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૯ લોકેશન(ખાડા)૪૩૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૯.૯૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૫ લોકેશન(ખાડા) ૨૭૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૨૯૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૨૪૭૯/– વસુલ લેવામાં  આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૦ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૯૪ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૪.૧૫ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૫.૨૧ લાખ થયેલ છે.,૧૫ ભહ તથા ૦૮  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૨૬૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૧ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૫ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૦છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૮૬.૦૧૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૦ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૩૪૦૦/– છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૬૫૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૩૦૦૧  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૬૫ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૧૯ કરવામાં આવેલ છે. જયારે ૩૪ નોટીસ આપવામાં આવેલ  છે. તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

–: પ્રેસનોટ :–

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

(૧) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ / સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૩, નોંધ નં.૧૨૧૫/અ રાણાવાસ, ગધેવાન, સલાબતપુરા, સુરત ખાતે આવેલ મિલ્કતમાં અત્રેથી વગર પરવાનગીનું ગેરકાયદેસર બાંધકામ અંગે તા.૦૫/૦૧/૧૫ થી મનાઈ હુકમ/ કારણદર્શક નોટીસ તથા તા.૦૫/૦૫/૧૫ થી તાકીદનો પત્ર પાઠવવામાં આવેલ છે. સદર મિલ્કતના હિત ધરાવનારાઓશ્રી જયંતિલાલ ઉર્ફે કાંતિલાલ લક્ષ્મીચંદ ધ્વારા જુના અમલાના પાછળના વાડાના ભાગે એંગલ/ગર્ડર/ચણતર કામ કરતા આશરે ૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ તા.૦૮/૦૬/૧૫ ના રોજ તોડી દુર કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ / સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર (બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તારમાં વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૦૦૬ મુગલીસરા, સુરત ખાતે આવેલ મિલ્કતમાં અત્રેથી વગર પરવાનગીનું ગેરકાયદેસર બાંધકામ અંગે તા.૨૬/૦૫/૧૫ થી મનાઈ હુકમ / કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે. સદર મિલ્કતના અલાઈમેન્ટના ભાગમાં આશરે ૫૮ ચો. ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ઓટલાનું બાંધકામ તા.૧૦/૦૬/૧૫ ના રોજ તોડી દુર કરવામાં આવેલ છે. તેમજ વહીવટી ચાર્જ રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર) વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીનાં જાહેરનામા નં.એફ.એસ.એસ.એ. જાહેરનામું ૫૪૩૩૫/એ અને ૫૪૩૩૬/એ તા.૦૪/૦૬/૨૦૧૫થી રાજયમાં મેગી નૂડલ્સ અને વેજ હકકા નૂડલ્સ ઉપર પ્રતિબંધ મુકેલ હોય જે અન્વયે તા.૧૦/૦૬/૨૦૧૫નાં રોજ સુરત શહેરનાં મેગી નૂડલ્સનાં નીચે જણાવેલ વિક્રેતાઓએ તેમના ધ્વારા સુરત શહેર વિસ્તારમાં વિતરણ થયેલ " મેગી નૂડલ્સ " નો જથ્થો તેમની સામે જણાવેલ મુજબનો પાછો ખેંચી લીધેલ છે.

| અ.નં. | સંસ્થાનું નામ/સરનામુ | પરત ખેચેલ જથ્થાનું વજન(કિ.ગ્રા.માં) | અંદાજીત કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧. | રોશની સેલ્સ એજન્સી<br><br>શાંતિવન સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ, સુરત. | ૩,૨૪૮ કિલો | રૂા. ૪,૮૭,૨૦૦/– |
| ૨. | ક્રિશા એન્ટરપ્રાઈઝ<br><br>પ્લોટ નં.–૧૨, દુ.નં.–૨, શાંતિવન સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ, સુરત. | ૪૭૬ કિલો | રૂા. ૭૧,૪૦૦/– |
| ૩. | પ્રદીપ ટ્રેડીંગ કંપની<br><br>૩૩ એ/પ્લોટ નં.–૨૨, અમુલ ઈન્ડ. સોસાયટી, શ્રી રામ માર્બલ પાસે, અલથાણ રોડ, સુરત. | ૨,૦૪૯ કિલો | રૂા. ૩,૦૧,૯૫૦/– |
| ૪. | ઈન્ડીયા ટ્રેડીંગ કંપની<br><br>ઓલપાડી મહોલ્લો, જૈન દેરાસરની પાછળ, અઠવા લાઈન્સ, સુરત. | ૧,૨૪૬ કિલો | રૂા. ૨,૧૫,૬૨૩/– |
| ૫. | મૌલિક ટ્રેડીંગ કંપની<br><br>૨૨, દોરીવાલા કમ્પાઉન્ડ, એસ.ટી.ડેપો સામે, ઉધના મેઈન રોડ, સુરત. | ૪૧૬ કિલો | રૂા. ૫૮,૬૫૦/– |
| | કુલ :– | ૭,૪૩૫ કિલો | રૂા. ૧૧,૩૪,૭૨૩/– |

TOP

આ ઉપરાંત ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા નીચે જણાવેલ સંસ્થાઓમાંથી નુડલ્સનાં નમુના લેવામાં આવેલ છે.

| અ.નં. | ફુડ સેફટી ઓફિસરનું નામ | સંસ્થાનું નામ/સરનામું | લીધેલ નમુનો |
|---|---|---|---|
| ૧. | શ્રી બી.આર.બ્રહમભટ્ટ | યુનાઈટેડ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ<br>પ્લોટ નં.–૧૬૨, રોડ નં.–૬–જી ન્યુ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, ઉધોગનગર, ઉધના, સુરત. | બ્લ્યુબર્ડ– પાસ્તા મેકરોની |
| ૨. | શ્રી એમ.જે.રાણા | યુનાઈટેડ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ<br>પ્લોટ નં.–૧૬૨, રોડ નં.–૬–જી ન્યુ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, ઉધોગનગર, ઉધના, સુરત. | બ્લ્યુબર્ડ– પાસ્તા ફુસીલ્લી |
| ૩. | શ્રી એસ.સી.દેસાઈ | ધર્મેશ એન્ટરપ્રાઇઝ<br>૧/૨૦૪૬, બારાહજારી મહોલ્લો, નાનપુરા, સુરત. | બ્લ્યુબર્ડ– ઓથેન્ટીક પાસ્તા મેકરોની |
| ૪. | શ્રી એચ.એસ.પટેલ | શ્રી ગાયત્રી મસાલા<br>૨૧ બી, ટી.પી.–૩, સર્વે નં.–૫૦ પૈકી પ્લોટ નં.–૯૫, ગ્રા.ફ., ન્યુ બરોડા પ્રિસ્તેજ, વરાછા રોડ, સુરત. | બેલ–વર્મીસીલી |
| ૫. | શ્રી ડી.કે.પટેલ | ઘી ન્યુ સ્ટોર્સ<br>આરોગ્ય ભવન સામે, રોડ નં.–૯, ઉધના ઉધોગનગર, ઉધના, સુરત. | સનફીસ્ટ–પાસ્તા ટ્રીટ ટોમેટો |
| ૬. | શ્રી ડી.ડી.ઠાકોર | ઘી ન્યુ સ્ટોર્સ<br>આરોગ્ય ભવન સામે, રોડ નં.–૯, ઉધના ઉધોગનગર, ઉધના, સુરત. | સનફીસ્ટ–પાસ્તા ટ્રીટ ટોમેટો ચીઝ |

TOP

## પ્રેસનોટ
## પૂર્વ ઝોન (વરાછા)
## સુરત મહાનગર પાલિકા

મે. કાર્યપાલક ઈજનેરશ્રી (બી.) પૂર્વ ઝોન(વરાછા)નાં કચેરી હુકમ મુજબ પુણા સીમાડા વિસ્તારમાં "સ્વચ્છ ભારત અભિયાન" તા. ૧૧/૬/૧૫ નાં રોજ રાખવામાં આવેલ સમુહ સફાઈ ઝુંબેશમાં અંજની ખાડીથી સીતાનગર, અંજની થી નાલંદા થઈ કારગીલ ચોક, લક્ષ્મણ નગરથી સાકેતધામ અને સમ્રાટ થઈ કારગીલ ચોક વિસ્તારની સફાઈ કરાવવામાં આવેલ છે. કામગીરી દરમ્યાન આરોગ્ય વિભાગનાં સુપરવાઈઝરી સ્ટાફ –૧૨ (બાર) તેમજ ૧૪૧ સફાઈ કામદાર રોકી કામગીરી કરેલ છે. કામગીરી દરમ્યાન ટ્રેકટર દ્વારા ૧૦ મેટ્રીક ટન માટી –મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કમ્પલેઈન મેનેજમેન્ટ સીસ્ટમ દ્વારા મળે ૦૨ ડ્રેનેજ ૨ ફરીયાદ તેમજ ડોર ટુ ડોરની બે ફરીયાદનો નિકાલ કરાવેલ છે. ૨૧ કન્ટેઈનરનો નિકાલ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવેલ છે. સમ્રગ અભિયાન દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા ૨૬ ઈસમોને નોટીસ આપી રૂા. ૩,૬૧૦ વહીવટી ખર્ચ વસુલ લીધેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી પૂર્વ ઝોન (વરાછા)નાં આરોગ્ય/ ઈજનેર સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## માહે મે ૨૦૧૫ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે  મે ૨૦૧૫ દરમ્યાન  ૪૨૦૬ ઈન્ડોર તથા ૪૩૫૦૪ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી  નાના ૩૦૯૨ તથા ૫૯૧ મોટા  ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૧૪૭૪ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના  નવા ૧૦૯૪ અને  જુના ૧૬૭૮ દર્દીઓ  સહીત  કુલ ૨૭૭૨ દર્દીઓને   તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે  કુલ ૧૩૭૪ દર્દીઓને  સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૧૧  તથા આંખ વિભાગમાં ૨૪૭૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા  બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૪૦૭  દર્દીઓનું નિરીક્ષણ કરવામાં  આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા  છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત)ઝોન માં શહેર વિકાસ વિભાગ દ્વારા છેલ્લા બે દિવસથી ટી.પી.સ્કીમ અંતર્ગત રોડ પરના દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી)માં આવેલ બ્લોક નં. ૭૯, બ્લોક નં.૮૦,બ્લોક નં.૮૧ માં રાધાકૃષ્ણનગર,ઘનશ્યામનગર,સ્વામીનારાયણનગર તથા બ્લોક નં. ૪૩,૪૪ માં ઈન્દ્રલોક સોસાયટીઓ આવેલી છે. સદરહુ સોસાયટી પાસેથી ટી.પી.સ્કીમ મુજબનો ૧૨.૦ મી. પહોળાઈનો આશરે ૨૫૦ મી. લંબાઈમાં રસ્તો પસાર થાય છે. અને સદરહુ સોસાયટીઓ માંથી અંદાજે ૪૫ થી ૫૦ જેટલા મકાનોને અસર થતી હતી. ૧૨.૦૦ મી. નો ટી.પી.રોડ ખુલ્લો ન થવાને કારણે ડ્રેનેજ લાઈન,પાણીની લાઈન,સ્ટ્રોમ લાઈન જેવી પ્રાથમિક સુવિધાઓની લાઈનો નાંખી શકાતી ન હતી. આથી આ વિસ્તાર પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેતો હતો. સદર ૧૨.૦૦ મી. ના ટી.પી.રોડને ખુલ્લો કરવા માટે ઝોનના શહેર વિકાસ વિભાગ દ્વારા ઘી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ તથા એમેન્ડમેન્ડ એકટ ૧૯૯૯ ની કલમ ૪૮–ક,૬૭,૬૮ તથા ટાઉન પ્લાનીંગ રૂલ ૧૯૭૯ ના રૂલ ૩૩ મુજબની કબ્જો દુર કરવાની નોટીસ અસરકર્તાઓને આપવામાં આવેલ હતી અને રોડ પરનો કબ્જો દુર કરી રોડ ખુલ્લો કરવા જણાવેલ હતું. પરંતુ અસરદારો દ્વારા રસ્તા પરના બાંધકામો દુર કવાની કામગીરી કરવામાં આવેલ ન હતી.જેથી ઝોન કચેરી દ્વારા નોટીસનો સમયગાળો પૂર્ણ થતા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત સદર કામગીરી તા.૧૦/૦૬/૧૫ ના રોજ ચાલુ કરી દેવામાં આવેલ હતી. અને આજરોજ તા.૧૧/૦૬/૧૫ ના રોજ પણ ચાલુ રાખવામાં આવી હતી. આમ અંદાજે ૩૦૦૦ ચો.ફુટ જેટલો ટી.પી.રોડનો વિસ્તાર ખુલ્લો કરવાની કામગીરી થતા અસરગ્રસ્તો દ્વારા સેલ્ફ ડીમોલીશન કરવાનું ચાલુ કરી દેવાયુ હતું.સદર કામગીરી માટે ઝોનના શહેર વિકાસ વિભાગનો સ્ટાફ,દબાણ વિભાગનો સ્ટાફ,ખાનગી કોન્ટ્રાકટરના માણસો અને જે.સી.બી. મશીનની મદદથી દબાણ દુર કરવાની કાર્યવાહી તા.૧૦/૦૬/૧૫ થી ચાલુ કરી દેવાઈ હતી. સદર કામગીરી દરમ્યાન ઘનશ્યાનનગર સોસાયટીમાં અસરગ્રસ્ત આશરે ૧૦ જેટલી દુકાનો ૨૫૦ ફુટ જેટલી લંબાઈમાં ચાલુ કરવામાં આવી, રાધાકૃષ્ણ નગરમાં આવેલ ૬ જેટલી દુકાનોને આશરે ૫૦૦ ફુટ જેટલા માપવિસ્તારમાં આવેલી દુકાનો સંપૂર્ણપણે દુર કરવામાં આવી હતી. તદુપરાંત રહેણાંક મિલ્કતો કે જે સંપૂર્ણપણે રોડની અસરમાં આવે છે. તેવા અસરગ્રસ્તોને પુરાવા અને નિયમોને આધારે ભધક કવાટર્સ ફાળવવાની કાર્યવાહી ચાલુ કરી દેવામાં આવી હતી. સ્વામી નારાયણનગરમાં આવેલ આશરે ૮ થી ૧૦ જેટલા કોર્મશીયલ બાંધકામો અંશતઃ રોડ અસરમાં આવતા હતા જે દુર કરવાની, કાર્યવાહી ચાલુ કરી દેવામાં આવી હતી. તદુપરાંત આશરે ૨૦૦ ફુટ જેટલી કંમ્પાઉન્ડ વોલ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આજરોજ પણ સુરત મહાનગરપાલિકા દ્વારા સદર કામગીરી આગળ ચાલુ રાખવામાં આવેલ હતી અને કેટલાક અસરગ્રસ્તો દ્વારા સેલ્ફ ડીમોલીશન કરવાનું ચાલુ કરી દેવાયુ હતું. જેના સુરત મહાનગરપાલિકા દ્વારા તેઓને સંપૂર્ણ સહકાર આપી ટી.પી.રોડ ખોલવાની કામગીરી ચાલુ રાખવામાં આવેલ હતી.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ (વરાછા) ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા તા.૧૧/૦૬/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ સઘન આરોગ્યલક્ષી કામગીરીની વિગત નીચે મુજબ છે.

- જાહેરમાં કચરો નાંખી ન્યુસન્સ કરતાં ૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવી, ૦૪ ઈસમો સામે મ્યુનિસીપલ કોર્ટમાં ફરીયાદ કરવામાં આવેલ છે તથા ૪૯ ઈસમો પાસેથી ૧૨,૯૫૦/–રૂા. વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવી છે.
- મીની બજારથી પુરવઠા ખાતાની ઓફીસ સુધી, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ થી ખોડીયાર નગર રોડ, અટલજી નગર, રંગનગર, વિઠૃલ નગર, નાના વરાછા ખાડી પુલ થી મહારાણા ઉદ્યાન સુધી, સરથાણા કેનાલ રોડ, સુદામા ચોકથી ક્રિષ્ના ટાઉનશીપ, મોટાવરાછા, આઈમાતા રોડ ચોકથી સમર્થપાર્ક કોમ્પલેક્ષ વિસ્તારમાં કુલ ૧૭૧ સફાઈ કામદારો દ્વારા ગ્રુપ સફાઈ અભિયાન કરી કુલ ૮૬૫ કિ.ગ્રા. જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.
- જાહેર જનતા તરફથી મળેલ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનને લાગત, મરેલા જાનવર ઉપાડવા બાબત તથા ડ્રેનેજ ઓવરફલોની વિગેરેની ૦૩ ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.
- વેકટર બોર્ન ડીસીઝ કન્ટ્રોલ વિભાગ દ્વારા " મેલેરીયા માસ વિરોધી " અંતર્ગત માર્કેટ વિસ્તાર અને સોસાયટી વિસ્તારોના ૧૫ સ્થળોએ ૨૦૧૫ વ્યકિતઓને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. તેમજ મેલેરીયા અને ડેગ્યુથી બચવાના ઉપાય દર્શાવતા ૭૯૫ પ્રચાર પત્રિકાનુ વિતરણ કરવામા આવેલ છે.વધુમાં આજ રોજ ૧૫૨૦ ઘરોનુ ઈન્ટ્રા ડોમેસ્ટિક સર્વે કરી ૨૨૩૪૯ જેટલા સ્પોટની તપાસ કરી જેમાંથી ૪૦ બ્રીડીંગ સ્પોટનો નાશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૪૫૨૧ જેટલા સ્થળોએ અબેટ ટ્રીટમેન્ટ આપવામાં આવેલ છે. તેમજ ઉપરોકત કામગીરી દરમ્યાન ૧૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. વધુમાં મચ્છર ઉત્પત્તિ સ્થાન જણાયેલ હોય એવા સ્થળોએ ૨ ઈસમો પાસેથી રૂા.૨૫૦૦/– વહીવટી પરચૂરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. મચ્છર ઉત્પત્તિ થઈ શકે તેવા ટાયર ડ્રમ,કેરબા,માટલા વિગેરે ૧૦૯ સાધનો જપ્ત કરવામાં અવેલ છે.વધુમાં સર્વે દરમ્યાન ૯૭૩ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૩૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૮૫૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૦૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨,૦૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧,૬૧,૦૯૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૧૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૮ એન્ટ્રીમાં રૂા.૭૫,૩૫૦/– અને આર.સી.ની ૮૩ એન્ટ્રીમાં રૂા.૧૩,૩૧,૯૮૦/– મળી કુલ રૂા.૧૪,૦૭,૩૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૨૦/–, રીન્યુઅલની ૦૪ એન્ટ્રીમાં રૂા.૨૨૦/– અને દંડની રકમની ૦૨ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૫ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૮ ફાઈલોના રૂા.૮૧,૮૯૧/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૮૫,૦૩૨/–, મિલ્કત ભાડાના રૂા.૧૩,૯૬૩/–, હોર્ડીંગ્સ ચાર્જના રૂા.૭૧૫૧/–, દબાણ ચાર્જના રૂા.૨,૮૯૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૯૦૦/–મળી કુલ રૂા.૧,૦૯,૯૩૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૮ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## લિંબાયત વિસ્તારમાં કારખાનાની ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા દંડકીય પગલા



સુરતઃ– "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત માન.કમિશ્નર સાહેબશ્રીની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલો માંથી નીકળતો ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ, કાગળ, પ્લાસ્ટીક, પુંઠા, ઈન્ડસ્ટ્રીયલ હેઝાડર્સ અને નોન હેઝાડર્સ કચરાનો નિકાલ તેમના દ્વારા ખાનગી વાહનો રોકી સુરત મહાનગરપાલિકાના ખજોદ ડીસ્પોઝલ સાઈડ ઉપર મોકલવવા આવે છે કે કેમ ? તે બાબતની સઘન ઝુંબેશ તા.૧૧/૦૬/૨૦૧૫ હાથ ધરવામાં આવી હતી.

ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ ) ડો. એચ.એસ. દેસાઈ અને લિંબાયત ઝોનના ઝોનલ ચીફ અને એડી.સીટી ઈજનેર(સીવીલ) શ્રી જે.કે.શાહની સુચનાથી નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.પી.એચ. ઉમરીગર ના સીધા માર્ગદર્શન હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક તથા મદદનીશ આરોગ્ય નિરીક્ષકની કુલ–૦૫ ટીમો દ્વારા લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલો પૈકી ભાઠેના ઉમરવાડા વિસ્તારમાં આવેલ ભાઠેના–૨, જરીકસબ ઈન્ડસ્ટ્રીઝમાં આરોગ્યલક્ષી કામગીરી તથા કારખાના ધારકોએ તેમનો નીકળતો કચરો એકત્રિત કરવા માટે ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે કેમ ? તથા ઈન્ડસ્ટ્રીઝના વહીવટદાર/સંચાલક/ પ્રમુખ દ્વારા તમામ કારખાના ધારકોનો કચરો એકત્રિત કરી તેઓના ખાનગી ટ્રેકટર, ટેમ્પો દ્વારા ખજોદ ડીસ્પોઝલ સાઈડ પર નિકાલ કરવામાં આવે છે કે કે? તે બાબતે ઘનિષ્ઠ ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને પ્રમુખશ્રી રણછોડભાઈ કે.પટેલને દિન–૦૭ માં સોસાયટીનાં ઈન્ડસ્ટ્રીયલ કચરાના નિકાલની વ્યવસ્થા કરવા માટે નોટીસ આપવામાં આવેલ છે.

ઉપરોકત બાબતે ક્ષતિઓ અને ઈન્ડસ્ટ્રીયલમાં આવેલ રસ્તાઓની સફાઈ કામગીરી સંતોષકારક ન હોવાથી ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ કારખાના ધારકો પાસે વહીવટીખર્ચ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરી કુલ ૬૪ કારખાના તથા આજુબાજુના દુકાન માલિકોને નોટીસ / ચેતવણી આપી કુલ–૬૪ ઈસમો પાસે રૂા.૩૧,૭૦૦/– (અંકે રૂપિયા એકત્રીસ હજાર સાતસો પુરા) નો વહીવટીચાર્જ સ્થળ પર જ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વધુમાં સ્થાનિક રહીશોની ફરિયાદના પગલે જરીકસબ કન્ટેનર સ્પોટ પર મુકેલ કન્ટેનર ઉપાડી સ્પોટ પર ઘનિષ્ઠ સ્ક્રેપીંગ–બ્રશીંગ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ અને સદર કન્ટેનરમાં ઈન્ડસ્ટ્રીયલ કચરાનું ભારણ ખૂબ જ વધારે રહેતું હોવાથી, દિવસમાં બે વખત કન્ટેનર ઉપાડી કચરાના નિકાલની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના વહીવટકર્તા/ સંચાલક/પ્રમુખ/સેક્રેટરી ને જણાવવામાં આવે છે કે, તેમની ઈન્ડસ્ટ્રીઝનો નીકળતો ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ, હેઝાડર્સ અને નોન હેઝાડર્સ કચરો, કાગળ, પ્લાસ્ટીક, પુંઠા વિગેરે દરેક કારખાના ધારકો પાસેથી એકત્રિત કરી તેઓના ખર્ચે ખાનગી વાહનો રોકી સુરત મહાનગરપાલિકાના ખજોદ ડીસ્પોઝલ પ્લાન્ટ ખાતે નિકાલ કરવા માટેની વ્યવસ્થા કરવી. જો તેમ ન કરવામાં આવશે તો તેઓ સામે પણ આ પ્રકારની કાર્યવાહી આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

TOP

## પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકા ના મધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા કલેરીકલ કેડરમાં ફરજ બજાવતા કર્મચારીઓને પ્રમોશન આપવા અંગેનો કચેરી હુકમ કરવામાં આવ્યો.જેમાં ૨૦ બીજી શ્રેણી કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને પ્રથમ શ્રેણી કલાર્ક તરીકે તથા ૪૫ ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને બીજી શ્રેણી કલાર્ક તરીકે પ્રમોશન આપવામાં આવ્યા.**

TOP

## સ્મીમેર

## પ્રેસનોટ

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ માં પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં સ્મીમેર મેડીકલ કોલેજના લોકલ કવોટાની બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છુક યોગ્યતા ધરાવતા ઉમેદવારોને લોકલ વિદ્યાર્થી હોવા બાબતનું પ્રમાણપત્ર મેળવવા અરજી પત્રક મંગાવી તે અંતર્ગતની કામગીરી શરુ કરવામાં આવેલ છે. આશરે ૩૦૦ જેટલાં વિદ્યાર્થીઓને લોકલ વિદ્યાર્થી હોવા બાબતનાં સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવ્યા.
- સ્મીમેર મેડીકલ કોલેજમાં એન.આર.આઈ. કવોટાની બેઠકો ઉપર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં તા.૦૫/૦૬/૨૦૧૫ થી તા.૧૧/૦૬/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

- સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૦૫૮૩ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી. ૧૦૫૬ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૪૪૩ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૫૪ દર્દીઓને સારવાર આપવામાં આવી.
- ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૫૪ સ્ત્રીઓની પ્રસૃતિ કરાવવામાં આવી.
- સ્મીમેર હોસ્પીટલમાં ૧૭૧ મેજર ઓપરેશનો તથા ૨૫૦ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.
- રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૨૮૩૬, સોનોગ્રાફી ૫૯૨, એમ.આર.આઈ. ૨૨૧ તથા સીટી સ્કેન ૧૦૦ કરવામાં આવેલ છે.
- ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૬૭ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૨૩૦ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.
- સ્મીમેરની લેબોરેટરીમાં ૨૫૦૨૨ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.
- જુના ૨૪૯ દર્દીઓ તથા નવા ૮૬ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પ્રેસનોટ

અઠવા ઝોન વિસ્તારમાં ટી.પી. રસ્તામાં / શહેર વિકાસના કામોમાં નડતરરૂપ આંબેડકરનગર–આઝાદનગર–રસુલાબાદ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૩ર લાભાર્થીઓને વડોદ રે.સ.નં. ૧ર ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વઘદગચોઢખકગ. યોજના અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૧/૦૬/ર૦૧પ ના રોજ સાંજે ૦૪.૩૦ કલાકે અઠવા ઝોન ઓફિસ ખાતે અઠવા ઝોનના અધિકારી / કર્મચારીઓ તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૨.૦૬.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૬ ફાઈલના રૂા.૪.૬૬ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા)૨૫૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૭.૪૩૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૩ લોકેશન(ખાડા) ૧૮૫.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૫ લોકેશન ૧૩૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૧૨૨/– વસુલ લેવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૧ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૩૪ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૬.૦૩ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૧૦.૧૨ લાખ થયેલ છે.,૧૬ ભ્રહ તથા ૦૧ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૧૩૪/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૬ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૪ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૭ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૧૧.૬૫૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૮ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૫૪૦૦/– છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૦૪૩ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૧૨૮૦ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૮૭૪ કરવામાં આવેલ છે. જયારે ૩૮ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૫૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.**

TOP

પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

## માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૬/૬/૨૦૧૫ થી તા.૧૨/૬/૨૦૧૫ દરમ્યાન વેસ્ટઝોન, સાઉથઝોન (ઉધના), સેન્ટ્રલઝોન, સાઉથઈસ્ટ ઝોન(લીંબાયત) તથા પૂર્વઝોન (વરાછા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૧૨,૪૬૦/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૪,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૬૯.૫ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૫૩.૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા/ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ– ૪૩ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૩૬,૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(એ)(૧) મુજબ ૦૫ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૨૨,૧૫૦/– અને ૧૪,૨૪૩/– મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે રૂા.૨,૦૬,૨૦૦/– અને રૂા. ૫,૫૧,૨૪૦/– રકમ મળી કુલ રકમ રૂા. ૭,૫૭,૪૪૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ (વરાછા) ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા તા.૧૨/૦૬/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ સઘન આરોગ્યલક્ષી કામગીરીની વિગત નીચે મુજબ છે.

- જાહેર જનતા તરફથી મળેલ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનને લાગત, મરેલા જાનવર ઉપાડવા બાબત તથા ડ્રેનેજ ઓવરફલોની વિગેરેની ૧૫ ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.
- સિધ્ધકુટીર ઓવારા ખાતે જે.બી.ધારૂકાવાલા કોલેજનાં વિદ્યાર્થીઓની સાથે રહી સમુહ સફાઈ કરાવવામાં આવેલ છે.
- સવારે ઉધરસ ભૈયાની વાડી વિસ્તારમાં સમુહ સફાઈ કરાવડાવી ૩૦૮૩ કિ.ગ્રામ જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે. આ ઉપરાંત જાહેરમાં કચરો નાંખી ન્યુસન્સ કરતાં ૭૩ ઈસમોને નોટીસ આપવામાં આવી, ૬૭ ઈસમો પાસેથી ૧૦,૫૦૦/–રૂા. વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવી છે.બપોરબાદ હળપતિવાસ,પુણા ખાતે સમુહ સફાઈ હાથ ધરવામાં આવેલ છે.
- મોદી મહોલ્લા, અશ્વિનીકુમાર રોડ શાકભાજી/ફ્રુટ માર્કેટ ખાતે ૧૪૦ સ્ટોલની ફાળવણી માટેનો "ડ્રો" કરવામાં આવેલ છે.
- વેકટર બોર્ન ડીસીઝ કન્ટ્રોલ વિભાગ દ્વારા" મેલેરીયા માસ વિરોધી " અંતર્ગત ઉધરસભૈયાની વાડી વિસ્તારનાં વ્યકિતઓને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. તેમજ મેલેરીયા અને ડેગ્યુથી બચવાના ઉપાય દર્શાવતા ૨૫૫ પ્રચાર પત્રિકાનુ વિતરણ કરવામા આવેલ છે.વધુમાં આજ રોજ ૧૫૭૪૬ ઘરોનુ ઈન્ટ્રા ડોમેસ્ટિક સર્વે કરી ૨૪૦૨૪ જેટલા સ્પોટની તપાસ કરી જેમાંથી ૨૭ બ્રીડીંગ સ્પોટનો નાશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૪૮૭૯ જેટલા સ્થળોએ અબેટ ટ્રીટમેન્ટ આપવામાં આવેલ છે. વધુમાં મચ્છર ઉત્પત્તિ સ્થાન જણાયેલ હોય એવા સ્થળોએ ૦૩ ઈસમો પાસેથી રૂા.૩૦૦૦/– વહીવટી પરચૂરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. મચ્છર ઉત્પત્તિ થઈ શકે તેવા ટાયર ડ્રમ,કેરબા,માટલા વિગેરે ૧૩૭ સાધનો જપ્ત કરવામાં અવેલ છે.વધુમાં સર્વે દરમ્યાન ૭૫ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવેલ છે.
- ઈજનેર વિભાગ દ્વારા કચરા–મિશ્રિત માટીનાં ઢગલા સ્ક્રેપીંગ મટીરીયલ તેમજ ડેબ્રિઝનો કુલ ૦૯ મે.ટન નિકાલ કરવામાં આવેલ છે.પેચવર્કની ૧૫૦ ચો.મીટર, સ્ક્રેપીંગ ૭૫૦ ચો.મીટર કામગીરી કરાવવામાં આવેલ, આ ઉપરાંત ૨૫ વરસાદી જાળીયા સાફ કરવામાં આવેલ.
- પ્રોફેશનલ ટેક્ષ અંગેની ૫૭ નોટીસ બજાવી ૫૭,૪૮૦/– પ્રોફેશનલ ટેક્ષની વસુલાત કરવામાં આવેલ છે.
- પાણી વિભાગ દ્વારા કલોરીન માત્રા ચેક કરવા ૪૫ નમુના લેવામાં આવેલ.
- લાઈટ વિભાગ દ્વારા ૧૦ જંકશન બોકસ બંધ કર્યા તેમજ ૦૫ જંકશન બોકસ બદલવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૬/૦૬/૧૫ થી તા.૧૨/૦૬/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૫૧૨ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૨ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૭૮ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૭ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૫ |

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૧/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૪૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૮૮૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૩૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ. આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૪ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨,૫૦,૪૦૧/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૪ એન્ટ્રીમાં રૂા.૪૬,૮૨૦/– અને આર.સી.ની ૪૦ એન્ટ્રીમાં રૂા.૪,૯૩,૫૦૨/– મળી કુલ રૂા.૫,૪૦,૩૨૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૧૬ એન્ટ્રીમાં રૂા.૮૭૦/– અને દંડની રકમની ૧૩ એન્ટ્રીમાં રૂા.૩,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૯ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૬ ફાઈલોના રૂા.૬,૧૨,૦૭૩/– ની વસુલાત લોમાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૮૪,૩૦૦/–, મિલ્કત ભાડાના રૂા.૯,૦૧૨/–, દબાણ ચાર્જના રૂા.૪,૭૬૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૩૦૦/–મળી કુલ રૂા.૯૮,૩૭૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રીનાં જાહેરનામા નં.એફ.એસ.એસ.એ. જાહેરનામું ૫૪૩૩૫/એ અને ૫૪૩૩૬/એ તા.૦૪/૦૬/૨૦૧૫થી રાજયમાં મેગી નૂડલ્સ અને વેજ હકકા નૂડલ્સ ઉપર પ્રતિબંધ મુકેલ હોય જે અન્વયે તા.૧૧/૦૬/૨૦૧૫ તથા તા.૧૨/૦૬/૨૦૧૫ નાં રોજ સુરત શહેરનાં મેગી નૂડલ્સનાં નીચે જણાવેલ વિક્રેતાઓએ તેમના ધ્વારા સુરત શહેર વિસ્તારમાં વિતરણ થયેલ " મેગી નૂડલ્સ " નો જથ્થો તેમની સામે જણાવેલ મુજબનો પાછો ખેંચી લીધેલ છે.

| અ.નં. | સંસ્થાનું નામ/સરનામુ | પરત ખેચેલ જથ્થાનું વજન(કિ.ગ્રા.માં) | અંદાજીત કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧. | રોશની સેલ્સ એજન્સી<br><br>શાંતિવન સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ, સુરત. | ૩,૪૮૬ કિલો | રૂા. ૫,૨૧,૭૦૩/– |
| ૨. | ક્રિશા એન્ટરપ્રાઈઝ<br><br>પ્લોટ નં.–૧૨, દુ.નં.–૨, શાંતિવન સોસાયટી, ડભોલી ચાર રસ્તા, વેડ રોડ, સુરત. | ૧,૭૨૯ કિલો | રૂા. ૨,૫૮,૫૨૦/– |
| ૩. | પ્રદીપ ટ્રેડીંગ કંપની<br><br>૩૩ એ/પ્લોટ નં.–૨૨, અમુલ ઈન્ડ. સોસાયટી, શ્રી રામ માર્બલ પાસે, અલથાણ રોડ, સુરત. | ૫,૭૪૫ કિલો | રૂા. ૮, ૪૬,૪૫૦/– |
| ૪. | ઈન્ડીયા ટ્રેડીંગ કંપની<br><br>ઓલપાડી મહોલ્લો, જૈન દેરાસરની પાછળ, અઠવા લાઈન્સ, સુરત. | ૩,૨૯૮ કિલો | રૂા. ૪,૮૯,૪૧૫/– |
| ૫. | મૌલિક ટ્રેડીંગ કંપની<br><br>૨૨, દોરીવાલા કમ્પાઉન્ડ, એસ.ટી.ડેપો સામે, ઉધના મેઈન રોડ, સુરત. | ૨,૦૩૨ કિલો | રૂા. ૨,૯૨,૧૦૦/– |
| | કુલ :– | ૧૬,૨૯૦ કિલો | ૨૪,૦૮,૧૮૮/– |

TOP

આ ઉપરાંત ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા નીચે જણાવેલ સંસ્થાઓમાંથી આઈસ્કીમ તથા ઠંડાપીણાનાં નમુના લેવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનું નામ/સરનામું | નમુનાનુ નામ |
|---|---|---|
| ૧. | ક્રિષ્ણા આઈસ્કીમ એજન્સી<br><br>દુ.નં.– ૫ થી ૮, અક્ષર કોમ્પલેક્ષ, અપર ગ્રાઉન્ડ ફલોર, રંગઉપવન પાસે, નાનુપરા, સુરત. | હેવમોર–કાજુ દ્રાસ આઈસ્કીમ |
| ૨. | ક્રિષ્ણા આઈસ્કીમ એજન્સી<br><br>દુ.નં.– ૫ થી ૮, અક્ષર કોમ્પલેક્ષ, અપર ગ્રાઉન્ડ ફલોર, રંગઉપવન પાસે, નાનુપરા, સુરત. | હેવમોર–વેનીલા આઈસ્કીમ |
| ૩. | મારૂતિ એન્ટરપ્રાઈઝ<br><br>પ્લોટ નં.–૧૦૪, વર્ષા સોસાયટી વિભાગ–૧, લંબે હનુમાન રોડ, સુરત. | કોકા કોલા – કાર્બોનેટેડ વોટર |
| ૪. | મારૂતિ એન્ટરપ્રાઈઝ<br><br>પ્લોટ નં.–૧૦૪, વર્ષા સોસાયટી વિભાગ–૧, લંબે હનુમાન રોડ, સુરત. | થમ્સઅપ– કાર્બોનેટેડ વોટર |

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૬/૨૦૧૫ ના રોજ અઠવા ઝોન વિસ્તારમાં વેસુ તેમજ ડુમસમાં પ્રાથમિક શાળાઓની લોકાર્પણવિધિ  માન. અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા ના વરદ્દહસ્તે તથા માન.મેયરશ્રી  નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ છે.





અઠવા ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ ન.૨(વેસુ–ભરથાણ–વેસુ) ના ફા.પ્લોટ નં.૨૨૨,વેસુ આભવા રોડ,સિધ્ધ વિનાયક મંદિરની સામે,વેસુ,સુરત ખાતે આવેલ પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ માન. અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા ના વરદ્દહસ્તે  સવારે ૦૯:૩૦ કલાકે કરવામાં આવશે પ્રાથમિક શાળાનો બાંધકામ ખર્ચ ૧૯૨.૦૦ લાખ જેટલો થયેલ છે.આ પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર લેબ,કલાસ ખંડ,પ્રયોગ ખંડ,લાઈબ્રેરી,સ્ટોર રૂમ,જેન્ટસ અને લેડીઝ ટોયલેટ ની સુવિધાઓ,અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી–૧૬,૦૦૦.૦૦ લીટર,ઓવર હેડ પાણીની ટાંકી–૧૦,૦૦૦.૦૦ લીટર આ ઉપરાંત કમ્પાઉન્ડ વોલ,પાર્કિંગ અને શાળાની ફરતે રબર મોલ્ડેડ પેવર બ્લોક ની સુવિધાઓ ઉપલબ્ધ થશે

અઠવા ઝોન વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૮૧ (ડુમસ),ફા.પ્લોટ નં.૬૦,કાદીફળિયા બસ સ્ટેન્ડની સામે,ગણપત નગરની પાસે,ડુમસ,સુરત ખાતે  આવેલ પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ માન. અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા ના વરદ્દહસ્તે  સવારે ૧૦:૦૦ કલાકે કરવામાં આવશે પ્રાથમિક શાળા નો બાંધકામ ખર્ચ ૯૫.૬૬ લાખ જેટલો થયેલ છે..આ પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર લેબ,કલાસ રૂમ,પ્રાર્થના હોલ,સ્ટાફ રૂમ,જેન્ટસ અને લેડીઝ ટોયલેટ ની સુવિધાઓ,અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી–૧૦,૦૦૦.૦૦ લીટર,ઓવર હેડ પાણીની ટાંકી–૫,૦૦૦.૦૦ લીટર આ ઉપરાંત કમ્પાઉન્ડ વોલ,પાથ વે,સી.સી.રોડ અને શાળાની ફરતે વી.ડી.એસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

વેસુ તથા ડુમસ વિસ્તારના બાળકોને આ પ્રાથમિક શાળાઓનો લાભ મળશે.આ પ્રસંગે જાહેર જનતા ને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ (વરાછા) ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા તા.૧૫/૦૬/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ સઘન આરોગ્યલક્ષી કામગીરીની વિગત નીચે મુજબ છે.

- જાહેરમાં કચરો નાંખી ન્યુસન્સ કરતાં ૧૯ ઈસમોને નોટીસ આપવામાં આવી, ૧૧ ઈસમો પાસેથી ૧,૭૦૦/–રૂા. વહીવટી પરચુરણ ખર્ચ વસુલ કરી દંડકીય કાર્યવાહી કરવામાં આવી છે.
- ફુલ માર્કેટ સવાણી રોડ, બ્રીજ નીચેનો વિસ્તાર, લાયબ્રેરી રોડ, પારસીપંચાયત શાક માર્કેટ, વઢવાણા સર્કલ થી સાગર સોસા.નાં ગેઠ સુધી, વસંતભીખાની વાડીથી લાભેશ્વર ભવન સુધી, ૧૫૦ ફુટ રોડ તેમજ જગદીશ નગર, વલ્લભાચાર્ય રોડ અશ્વિની કુમાર, શ્રધ્ધા રો.હા. નાનાવરાછા, ઈન્દ્રલોકથી આનંદ વાટિકા મોટાવરાછા, કેનાલ રોડ સરથાણા, માનસરોવર તળાવની આજુબાજુ અંજની ખાડીપુલની આજુ બાજુ વિસ્તારમાં કુલ ૨૧૯ સફાઈ કામદારો દ્વારા ગ્રુપ સફાઈ અભિયાન કરી કુલ ૧,૫૬૧ કિ.ગ્રા. જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.
- જાહેર જનતા તરફથી મળેલ ૦૪ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનને લાગત, ૦૨ મરેલા જાનવર ઉપાડવા બાબત તથા ૩૬ ડ્રેનેજ ઓવરફલોની વિગેરેની ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.
- વેકટર બોર્ન ડીસીઝ કન્ટ્રોલ વિભાગ દ્વારા " મેલેરીયા માસ વિરોધી " અંતર્ગત અટલજી નગર ઝુપડપટ્ટી, ફુલપાડા વિસ્તારમાં મચ્છરનાં જીવનચક્ર વિશે સમજુતી આપી તેમજ લાઈવ ડ્રેમોન્ટેશનનું આયોજન કરેલ તેમજ ૨૭૦ વ્યકિતઓને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ છે. તેમજ મેલેરીયા અને ડેગ્યુથી બચવાના ઉપાય દર્શાવતા ૨૬૦ પ્રચાર પત્રિકાનુ વિતરણ કરવામા આવેલ છે. વધુમાં આજ રોજ ૧૩૫૪૨ ઘરોનુ ઈન્ટ્રા ડોમેસ્ટિક સર્વે કરી ૨૦૨૬૭ જેટલા સ્પોટની તપાસ કરી જેમાંથી ૩૦ બ્રીડીંગ સ્પોટનો નાશ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૪૫૬૦ જેટલા સ્થળોએ અબેટ ટ્રીટમેન્ટ આપવામાં આવેલ છે. તેમજ ઉપરોકત કામગીરી દરમ્યાન ૧૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. મચ્છર ઉત્પત્તિ થઈ શકે તેવા ટાયર ડ્રમ,કેરબા,માટલા વિગેરે ૧૪૮ સાધનો જપ્ત કરવામાં અવેલ છે.વધુમાં સર્વે દરમ્યાન ૯૧૬ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૧૫.૦૬.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૩ ફાઈલના રૂા.૧૮.૫૧ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૧૧લોકેશન(ખાડા) ૩૬૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૨૭૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૪૭ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૧૮ નંગ મેનહોલ સફાઈ  તેમજ ૨૭૦૦ ચો.મી. સ્ક્રપીંગની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૧૬૩૨૫/– વસુલ લેવામાં  આવેલ તથા પાણીના નવા કનેકશન કુલ –૦૪ આપવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૨૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૨૨ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૫.૩૨ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૮.૦૪ લાખ થયેલ છે.,૦૭ ભહ તથા ૦૪  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૦૭૯/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૭ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૧ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૧ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૩ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૯૪.૦૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૬ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૫૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૩૪૨ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૨૪૫૮  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૪૨ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૧૮ કરવામાં આવેલ છે. જયારે ૩૮ નોટીસ આપવામાં આવેલ  છે.

TOP

## સ્મીમેર

## પ્રેસનોટ

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ માં પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં સ્મીમેર મેડીકલ કોલેજના લોકલ ક્વોટાની બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છુક યોગ્યતા ધરાવતા ઉમેદવારોને લોકલ વિદ્યાર્થી હોવા બાબતનું પ્રમાણપત્ર મેળવવા અંગે અરજી પત્રકો મંગાવવામાં આવેલ. આજદિન સુધીમાં ૪૨૪ અરજી પત્રક આવેલ છે. જે પૈકી આજદિન સુધી આશરે ૩૨૯ જેટલાં વિદ્યાર્થીઓને લોકલ વિદ્યાર્થી હોવા બાબતનાં સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

TOP